**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# શેરથા પાસે રામાપીર મંદિરમાં ચોરી

## ચાંદીનું છત્તર અને પગલા લઈ ચોર શખ્સ પલાયન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક શેરથા ગામ પાસે આવેલા રામદેવ પીરના મંદિરમાંથી ચાંદીનું છત્તર અને ચાંદીના પગલાની ચોરી થવા પામી છે. અડાલજ પોલીસે રમેશજી ઠાકોરની ફરિયાદ નોંધી ચોર શખ્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ શેરથા કસ્તુરીનગર પરા વિસ્તારમાં રહેતા રમેશજી ઠાકોર (ઉં.વ.૬૦) મંદિરમાં પ્રમુખ તરીકે વર્ષોથી સેવા આપે છે. રવિવારના રોજ સવારે મંદિરના પૂજારીનો તેમની પર ફોન આવ્યો હતો અને મંદિરમાં ચોરી થયાની જાણ કરી હતી. જેથી તેઓ તાત્કાલિક મંદિરે પહોંચી ગયા હતા. મંદિરે જઈને જોયું તો તાળુ તુટેલુ હતું. મંદિરના ગર્ભગૃહની અંદર ભરાવેલ ચાંદીનું છતર અને મૂર્તિ પાસે મુકેલા ચાંદીના પગલા ગાયબ હતા. મંદિરના પૂજારી સાંજે ૭ વાગે આરતી કરી મંદિરને તાળુ મારીને ગયા હતા. રવિવારે સવારે આરતી માટે પૂજારી મંદિર ખાતે આવ્યા ત્યારે તાળુ તુટેલી હાલતમાં હતુ. બનાવની જાણ થતા અડાલજ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. રમેશજી ઠાકોરે અજાણ્યા શખ્સ સામે રૂ. ૧૦,૨૦૦ની કિંમતનું ચાંદીનું છત્તર અને રૂ. ૭ હજારની કિંમતના ચાંદીના પગલાની ચોરીનો ગુનો નોંધાવતા પોલીસે ચોર શખ્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સે.૧માં વૈદિક વૈજ્ઞાનિક યજ્ઞયાત્રા દ્વારા સેનેટાઈઝેશનનો પ્રયોગ





ગાંધીનગર તા.૯

કોરોના સંક્રમણના સમયામાં ગાંધીનગરના સેક્ટર-૧માં પૂ.પ્રગદાસબાપાના આશીર્વાદ વેસ્ટર્ન એગ્રી સિડ્સ કંપનીના નારણભાઈ.પી.પટેલના સહયોગથી વૈદિક વિજ્ઞાન આધારિત યજ્ઞયાત્રા યોજવામાં આવી હતી જેમાં યજ્ઞથેરાપીના સંશોધક અને યજ્ઞયાત્રાના સ્થાપક ભાવનગરના ડો.ઓમ ત્રિવેદી તથા સહયોગીઓ અને શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં ૨૫ સ્વયંસેવકો સાથે ૨૦ મોબાઈલ યજ્ઞકુંડમાં ૭૨ પ્રકારની ઔષધીઓનો ધુમાડો એટલે કે મેડિસીનલ સ્મોક કરી સેક્ટર-૧ના આશરે ૩ કિમીના રૂટ પર ફરી સમગ્ર વિસ્તાર સેનીટાઈઝ કરાયો હતો. સે.૧ના મહાકાલેશ્વર મહાદેવ મંદિરેથી યજ્ઞયાત્રા પ્રસ્થાન પામી હતી જે દરમ્યાન રહીશોએ પોતાના ઘરના બારી દરવાજા ખુલ્લા રાખી ઔષધીયુકત મેડીસીનલ સ્મોકનો મહતમ લાભ લીધો હતો.

# વેક્સિન લેતા પહેલા રક્તદાન અવશ્ય કરીએ

ગાંધીનગર, તા.૯

અત્યારે મહામારીના સમયમાં ક્યાંક બેડની અછત છે, તો ક્યાંક ઓક્સિજનની, તો એવી જ અછત લોહીની પણ જોવા મળી રહી છે ત્યારે હાઈટેક હોસ્પિટલ સ્થિત એક કોરોના ગ્રસ્ત દાદાને લોહીની જરૂર પડતા તાત્કાલિક કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રોફેસર, રોટરી પૂર્વ પ્રમુખ, રાધે રાધે પરિવારના સદસ્ય એવા ડો.ધર્મેન્દ્ર પટેલ અને તેમના મિત્ર નીલેશભાઈ દ્વારા બ્લડ ડોનેટ કરી નાની મદદ કરવાનો પ્રયાસ કર્યો. આવા કપરા સમયમાં મદદ અર્થે ગયેલ બંને મિત્રોએ આનંદ અને સંતોષ વકત કર્યો હતો. શ્રદ્ધાદીપ બ્લડ બેંકના મહેન્દ્રભાઈ ગજ્જરને જરૂરતમંદને આર્થિક મદદ કરવા માટે વિનંતી કરતા તેમના દ્વારા પણ આર્થિક મદદ મળી રહેતા જરૂરતમંદે આભારની લાગણી પ્રગટ કરી હતી.



પ્રોફેસર ડો.ધર્મેન્દ્ર પટેલ દ્વારા આજના યુવાનોને વેકસીન લેતા પેહલા બ્લડ ડોનેટ કરવા આગ્રહભરી વિનંતી કરી હતી અને સાથે મળી વ્યક્તિગત સ્થળે જે થાય, જેટલી થાય એટલી મદદ દ્વારા માનવતા દાખવી ભારતીય સંસ્કૃતિના પાયા અને રાષ્ટ્રીય આદર્શો - ત્યાગ અને સેવાની ભાવના આવનાર પેઢી માટે મજબૂત કરીયે તેવી વિનંતી કરી હતી.

# માસ્ક અને મીઠાઈ વહેંચી જન્મ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૯


આજના યુવાનો પણ સમાજસેવાનું કાર્ય કરે છે અને પોતાની લાગણી વ્યક્ત કરે છે. રાણા જયેન્દ્રસિંહ કે જેઓ રાણાજી તરીકે ઓળખાય છે એમણે આજે એમનો ૩૦ મો જન્મ દિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. એમણે સાંપ્રત સમયમાં એન-૯૫ માસ્કનું વિતરણ શ્રમજીવી વસાહતના લોકો વચ્ચે જઈને રૂબરૂ કર્યું હતું.



સિક્યોરિટી ગાર્ડ સર્વિસનું કાર્ય કરતા અને બુલેટ રાઈડના શોખીન રાણાજીએ વૃદ્ધાશ્રમમાં જઈને વડીલોને ભરપેટ મીઠાઈ ફરસાણ સાથેનું જમણ જાતે પીરસ્યું હતું. જ્યાં સુધી આવા સેવાભાવી યુવાનો આપણી વચ્ચે છેલ્લા ત્યાં સુધી સમાજને ચિંતા કરવાની જરૂર નથી.

# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સિસ્ટર, મને કેમ સારૂ નથી થતુ. જુઓને આ ઓક્સિજન તો અસલી છે ને...??

# ‘આન’ ટીમ કોરોનાના દર્દીઓની સતત મદદમાં

ગાંધીનગર, તા. ૯

છેલ્લા એક વર્ષ થી ગુજરાતમાં કોરોના એ અજગરી ભરડો લીધો છે એવા કપરા સમયમાં ગુજરાત ની યુવા ટીમ ‘આન’ (અલુમની એસોસીએશન ઓફ નવોદયા) સતત સેવાકીય પ્રવૃત્તિમાં રાત દિવસ કામ કરી રહી છે. અત્યારે કોરોનાની બીજી લહેરમાં હોસ્પિટલ બેડની અછત ઓક્સિજન ની અછત તથા એમ્બ્યુલન્સની અછત આવી બધી તંગી ની વચ્ચે પણ દર્દીને જલદી સારવાર મળી રહે તે માટે ‘આન’ ગુજરાતની ટાસ્ક ફોર્સ આખા ગુજરાતમાં લોકોની મદદ પહોંચાડી રહી છે. આન ગુજરાત દ્વારા દર્દીના સગાને રેમડેસીવીર ક્યાંથી મળશે પ્લાઝમા, મુક્તમાં મેડિકલ સેવા, ઓક્સિજન અને ટીફીનની વ્યવસ્થા લોકોને કરી આપવામાં આવી રહી છે. અત્યારે સુધીમાં ‘આન’ ગુજરાતની ટીમ દ્વારા ૨૦૦ લોકોને બેડ ૩૦૦ લોકોને ઓક્સિજન ૭૦ લોકોની મેડિકલ ગાઈડન્સ દ્વારા ૭૦ લોકોને બ્લડ ડોનેશન મેળવવામાં મદદ કરવામાં આવી છે.

# રાકેશકુમાર પી. સુખડીયા પી.એચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૯

લેક્ચરર (આસી. પ્રોફે.) રાકેશકુમાર પ્રવિણચંદ્ર સુખડીયા, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે આવેલ એલ.ડી.આર.પી. કૉલેજના ઈલેક્ટ્રીકલ વિભાગમાં છેલ્લા ૧૨ વર્ષથી લેકચરર (આસી. પ્રોફેસર) તરીકે ફરજ બજાવે છે. તેઓએ તાજેતરમાં



તજજ્ઞ ડૉ. સૌરભભાઈ એન. પંડ્યા (પ્રિન્સીપાલ, એલ. ઈ. કૉલેજ, ગર્વમેન્ટ એન્જીનિયરીંગ કોલેજ-મોરબી)ના માર્ગદર્શન હેઠળ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી માં “Performance Analysis of Grid Connected PV Power Generation System”નો શોધનિબંધ તૈયાર કર્યો હતો. જેને માન્ય રાખી કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિર્વસિટીમાંથી ‘‘પી.એચ.ડી.’’ની પદવી એનાયત કરવામાં આવી છે. લેકચરર (આસી.પ્રોફેસર) રાકેશકુમાર પી. સુખડીયાએ આ પદવી મેળવી ગાંધીનગર સુખડીયા સમાજનું નામ રોશન કર્યું છે અને સમાજનું ગૌરવ વધાર્યું છે. જે બદલ સમાજ વતી અનેક-અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# ગાંધીનગરના સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી ૩ સિલિન્ડરની ચોરી થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી ૩૦ હજારના ૩ સિલિન્ડરની ચોરી થવા પામી છે. ચોર શખ્સ ઓક્સિજનના બાટલા સમજીને ૨ ડિસોલ્વ એસીટીલીન (ડીએ) ગેસના અને ૧ કાર્બન ડાયોકસાઈડનો બાટલો ઉઠાવી ગયા છે. રાંધેજા ખાતે રહેતા વેપારી જીગર પંડ્યાની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ખાતે રહેતા ૩૨ વર્ષિય જીગીર પંડ્યા સે. ૨૮ ડીઆઈડીસી ખાતે ગેસનો વેપાર કરે છે. ગત તા. ૨૯ ના રોજ યુવકની તબિયત સારી ન હોવાથી ઓફિસ બંધ કરીને ઘરે ગયો હતો. તે સમયે ઓફિસ બહાર ૬ સિલિન્ડર મુકેલા હતા. જેમાં પાંચ ડિસોલ્વ એસીટીલીન અને એક સિલિન્ડર કાર્બન ડાયોકસાઈડનો હતો. યુવકની તબિયત સ્વસ્થ થતા તે તા. ૬ મે ના રોજ ઓફિસ આવતા જોયુ તો બહાર ૬ સિલિન્ડરમાંથી માત્ર ૩ જ હતા. જેથી સિલીન્ડર આપલે કરતા ડ્રાઈવર લઈ ગયો હોવાનું માની વધુ તપાસ કરી ન હતી. જ્યારે બીજા દિવસે ડ્રાઈવરને ફોન કરીને પુછતા સિલિન્ડર અંગે કોઈ જાણ ન હોવાનું જણાવ્યુ હતુ. જેથી યુવકે ઓફિસની આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ સિલિન્ડરનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ વેપારીએ રૂ. ૩૦ હજારના ૩ સિલિન્ડરની ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# કોરોનાથી માનસિક તણાવ સામે માર્ગદર્શન માટે સંઘની ‘નિ:શુલ્ક આરોગ્ય હેલ્પલાઈન’

ગાંધીનગર તા.૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ગાંધીનગરની હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા કોરોનાની સાંપ્રત પરિસ્થિતિમાં સમાજમાં બનવા પામતી વિવિધ ઘટનાઓના કારણે વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક સમસ્યાઓ ઉદ્દભવતી જોવા મળી રહી છે, જેમાં માનસિક તાણ, ચિંતા, ઉપાધી વગેરે જેવી સમસ્યાઓના કારણે આજે કોરોના સિવાયની સમસ્યાઓના કારણે વ્યક્તિ, પરિવારો તૂટે નહિ તેવા ઉમદા ભાવથી સમાજમાં ઉભા થયેલા ભયના વાતાવરણમાંથી બહાર આવી શકાય અને યોગ્ય સમજણ દ્વારા તેના માનસિક આરોગ્યને સ્વસ્થ રાખી શકાય તેના માટે શનિવારથી ‘નિઃશુલ્ક આરોગ્ય હેલ્પલાઈન’નો ગાંધીનગરમાં શુભારંભ કરવામાં આવ્યો છે. આ સેવાઓ માટે ૮૮૨૬૨ ૫૩૦૦૯ ઉપર સંપર્ક કરી શકાશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ હેલ્પલાઈનમાં ૬ જેટલા નિષ્ણાંત તબીબો અને કાઉન્સિલર દ્વારા સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી સેવાઓ આપવામાં આવશે જેમાં ડૉ. હિતેશ જાગાણી, ડૉ. મુકેશ બારિયા, ડૉ. અંજના ચૌહાણ, સોનિયા પાઠક અને ડૉ.રીટા ગાંધી માનસિક આરોગ્ય માટે તેમજ આયુર્વેદ, હોમિયોપેથીક, સારવાર , ડાયટ અને માર્ગદર્શન માટે ડો. દિનેશભાઈ, ડો.ભાવેશભાઈ અને ડો.નીમેશભાઈ સેવાઓ આપશે. આ ઉપરાંત સમિતિ દ્વારા પ્લાઝમા ડોનેશન માટે પણ હેલ્પલાઈન ચાલુ કરવામાં આવી છે જે થકી પ્લાઝમા ડોનેટ કરવા માટે સરળતાથી કામગીરી અને સહાયતા મળી રહેશે.

# બિનવારસી કોરોના પોઝીટીવ મૃતકના અંતિમ સંસ્કારમાં અગ્રેસર ગાંધીનગરના ‘જીગાભાઈ’..!!

**કોરોના કાળમાં સતત કાર્યરત જિગ્નેશ ઠક્કર અત્યાર સુધીમાં ૧૫ જેટલાં બિનવારસી કોવિડ મૃતકોના અંતિમ સંસ્કાર સંપન્ન કરી ચુક્યાં છે: ‘‘ભૂખ્યાંને ભોજન અને તરસ્યાંને પાણી’’નો જીવનમંત્ર અપનાવી ચુકેલા ગૌસેવક જિગ્નેશભાઈ ‘‘છોટે જલારામ’’ તરીકે પણ ઓળખાય છે**

ગાંધીનગર, તા. ૯

સતત સવા વર્ષથી ચાલી રહેલી કોરોના મહામારીમાં બીજી લહેર અત્યંત ઘાતક બનીને આવી છે અને રાજ્યમાં સર્જાયેલી આ કટોકટીમાં પરિવાર સહિત નાગરિકો સંક્રમિત થઈ જવાની સમસ્યાં જોવા મળી રહી છે. આ સ્થિતિમાં એક પરિવારમાં એકથી વધુ સભ્યો કોરોના સામેનો જંગ હારી ગયાં હોય તેવા કિસ્સા પણ સર્જાતા કોણ કોને કાંધ આપે તેવી સ્થિતિ જોવા મળી રહી છે તેમાં જો મૃતકના કોઈ વારસદાર કે નજીકના સગા ઉપસ્થિત ના હોય તેવા સંજોગોમાં તેમની અંતિમવિધિ કોણ કરે તે સમસ્યા પણ અનેકવાર સર્જાઈ રહી છે. આ સમયે ગાંધીનગરના એક સેવાકીય અગ્રણી જિગ્નેશભાઈ ઠક્કર આવા બિનવારસી મૃતકોના અંતિમ સંસ્કાર સંપન્ન કરવાની જવાબદારી ઉઠાવી રહ્યાં છે અને અત્યાર સુધીમાં તેઓ અંદાજે ૧૫ જેટલાં કોવિડ પોઝિટીવ મૃતકોને અગ્નિદાહ આપી ચુક્યાં છે.









તાજેતરમાં ગાંધીનગરના સરગાસણ વિસ્તારની શ્રીરંગ સોસાયટીમાં હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહેલા ૯૮ વર્ષીય પ્રભુદાસભાઈનું દેહાંત થતા તેમને કોઈ સંતાન ના હોવાથી તેમજ તેમના ભત્રીજા પણ કોરોન્ટાઈન હોવાને કારણે તેમની અંતિમ વિધિ કોણ કરે તેવી સર્જાયેલી સમસ્યામાં જિગ્નેશભાઈએ તેમના મિત્ર હિતેશ રાવલની મદદથી પીપીઈ કીટ પહેરીને મૃતકની અંતિમવિધિ સેક્ટર-૩૦ના મુક્તિધામ સ્મશાન ખાતે સંપન્ન કરી હતી. જિગ્નેશભાઈએ અત્યાર સુધીમાં જે ૧૫ બિનવારસી મૃતકોને અગ્નિદાહ આપવાની સેવા નિભાવી છે તેમાં મોટાભાગના ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં હતા અને જિગ્નેશભાઈની વર્ષોથી દિનચર્યા મુજબ દરરોજ સવારે ૭ વાગે સિવિલ હોસ્પિટલમાં જઈને કોઈપણ પાંચેક જરૂરિયાતમંદને મદદરૂપ થવાનો નિયમ છે પછી જ તેઓ અન્ય કાર્યો માટે આગળ વધે છે. તેમની આ આદતના કારણે સિવિલ હોસ્પિટલના સ્ટાફ સાથે પણ તેમનો સારો એવો ઘરોબો સ્થપાયેલો છે અને જેના કારણે આવી કોઈ સમસ્યા હોય ત્યારે સ્ટાફ તેમની મદદ લઈને તેનો ઉકેલ લાવે છે. આ કારણે જ્યારે બિનવારસી કોવિડ પોઝિટીવ મૃતકના અગ્નિસંસ્કારની સમસ્યામાં પણ જિગ્નેશભાઈને હોસ્પિટલમાંથી કોલ મળે કે તેઓ તુરંત જ ત્યાં પહોંચી જાય છે. તેમણે જે ૧૫ મૃતકોને અગ્નિ સંસ્કાર આપ્યાં તેમાં ત્રણ મૃતકો તો પાટણના એક જ પરિવારના હતા જ્યારે ૨ મૃતકો બેચરાજીના અને બાકીના ગાંધીનગર તથા તેની આસપાસના હતા. જિગ્નેશભાઈ મૃતકના પરિવારના સભ્યની જેમ પીપીઈ કીટ પહેરીને ચિતામાં લાકડાં ગોઠવવાથી માંડીને મૃતકના આત્માની સદગતિ માટે પ્રાર્થના કરીને અગ્નિદાહ આપે છે જે માટે તેઓ હોસ્પિટલથી શબવાહિનીમાં પણ સાથે જ જાય છે. કેટલાંક કિસ્સામાં તો મૃતકના સગા કોરોન્ટાઈન હોવાથી તો કેટલાંક કિસ્સામાં તેઓ સંક્રમણની ભીતિએ અંતિમવિધિથી દૂર રહેવાનું પસંદ કર્યુ હોય તેમ છતાં જિગ્નેશભાઈએ તે અંતિમક્રિયા પાર પાડી છે.

ગાંધીનગરમાં અનેક સેવાકાર્યો તેમજ સંસ્થાઓ સાથે સંકળાયેલા જિગ્નએશભાઈ ઠક્કર અન્યનો જીવ બચાવવામાં ઉપયોગી થવા માટે ૩૭ વાર રક્તદાન કરી ચુક્યાં છે, તેઓ માત્ર મનુષ્યનો જીવ બચાવવા માટે જ નહીં પરંતુ અબોલ જીવો માટે પણ એટલી જ અનુકંપા ધરાવતા જિગ્નેશભાઈ ગૌવંશના બચાવ માટે સતત કાર્યરત રહ્યાં છે અને બિમાર કે ઈજાગ્રસ્ત ગાયોની સેવા કરીને સાજી કરવી તેમની મુખ્ય પ્રવૃત્તિઓ પૈકીની એક છે. ગૌસેવાના સંસ્કાર તેમણે તેમના મામા




અમૃતલાલ ઠક્કર જેઓ ગાંધીનગરના જાણીતા ગૌસેવક હતા અને કતલખાને જતી ગાયોને બચાવવા જતાં ત્યારે બાળપણથી જિગ્નેશભાઈને સાથે સ્કૂટર પર લઈ જતા હતા તેમની પાસેથી મેળવ્યાં છે. કોરોના કાળમાં લોકડાઉનમાં સતત ૮૯ દિવસ કાર્યરત રહીને સે. ૨ ના સ્વામિનારાયણ મંદિર ખાતેથી ૧૪૦૦ થી વધુ ફુડ પેકેટેસના વિતરણ તથા પોલીસ, આરોગ્ય કર્મીઓ, સફાઈ કર્મીઓ વગેરેને ચા-કોફી વિતરણમાં મહત્વની સેવા આપનાર જિગ્નેશભાઈ જસદણના પૂ. હરિરામ બાપાને ગુરૂ માને છે અને તેમની પ્રેરણાથી ‘‘ભૂખ્યાંને ભોજન અને તરસ્યાંને પાણી’’ને પોતાનો જીવનમંત્ર બનાવી ચુક્યાં છે. વ્યવસાયે ઓટોમોબાઈલની દુકાન ધરાવતા જિગ્નેશભાઈ તેમના લોહાણા સમાજની લગભગ તમામ સંસ્થાઓ સાથે સંકળાવા ઉપરાંત બાળપણથી જલારામ મંદિરમાં સેવા આપતા હતા તેના ટ્રસ્ટના વર્ષ-૨૦૦૦માં પ્રમુખ રહી ચુક્યાં છે અને જરૂરિયાતમંદોને જમાડવાની તેમની પ્રવૃત્તિના કારણે તેઓ ‘‘છોટે જલારામ’’ તરીકે મિત્ર વર્તુળમાં જાણીતા બન્યાં છે.


રોજીંદા સેવાકાર્યોને કારણે ૧૨ જેટલા સન્માન પ્રાપ્ત કરી ચુકનાર જિગ્નેશભાઈ મૂળ બનાસકાંઠાના કુંડાળિયા ગામના વતની છે અને ૬ વર્ષની વયે પરિવાર સાથે ગાંધીનગર આવીને વસ્યાં હતા. તેઓ પર્યાવરણ જાળવણી ક્ષેત્રે પણ અગ્રેસર રહી વૃક્ષારોપણ સહિતની પ્રવૃતિમાં પણ સક્રીય રહે છે અને રાજ્યમાં પૂર કે ધરતીકંપ જેવી કુદરતી હોનારતોમાં પણ સેવાકાર્યોમાં જોડાઈને સેવા આપી ચુક્યાં છે. ક્યાંક કોઈ ભુખ્યું બાળક દેખાય કે જરૂરિયાતમંદ વડીલો હોય તેને જમાડવામાં ક્ષણનો પણ વિલંબ ના કરતા અને ‘જીગાભાઈ’ તરીકે જાણીતા જિગ્નેશભાઈ અત્યારે ચાલી રહેલી કોરોના સંક્રમણની કટોકટીમાં અનેક દર્દીઓને ઓક્સિજન કે રેમડેસિવિરની વ્યવસ્થા કરવામાં પણ મદદરૂપ બની ચુક્યાં છે અને હાલ સેક્ટર-૨ ખાતેના સ્વામિનારાયણ મંદિરમાં શરૂ કરાયેલા કોવિડ કેર સેન્ટરમાં સવારે ૮ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી સતત હાજર રહેવા સાથે અડધી રાત્રે પણ ઈમર્જન્સી સર્જાય ત્યારે દર્દીને અન્ય હોસ્પિટમલાં ખસેડવા એમ્બ્યુલન્સમાં સાથે જઈને સારવાર અપાવવામાં કાર્યરત છે.

પ્રતિભાવો આવકાર્ય
Samirlalod@gmail.com

# જન્મદિને વધામણી



ડિમ્પલ દેસાઈ
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના



ડો. વલ્લરી વંકાણી
મો. ૯૪૨૬૩ ૯૬૦૨૨



શાન્વી ચિંતન ઠક્કર
મો. ૯૮૯૮૧ ૨૭૦૦૦



અશોકભાઈ પરમાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

**ઘરમાં રહો સુરક્ષિત રહો**



# ખૂણેખાંચરેથી

- કલોલ તાલુકાના નારદીપુર ગામમાં આજે તમામ ગ્રામજનોએ ટાઢુ ખાઈને ઘરમાં રહી દિવસ પસાર કર્યો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોના વેક્સિનેશનમાં ૨ હજાર લાભાર્થીને આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં એક લાખ ૮૯ હજાર લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.
- સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે ફાળવેલ પાંચ એમ્બ્યુલન્સ વાન ગાંધીનગર સિવિલને મળી ગઈ છે.
- ગાંધીનગર મનપા દ્વારા હાથ ધરાયેલ ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનમાં આજે ૨૪૫ થી વધુ લોકોએ લાભ લીધો હતો.
- નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને આજે યુ.એન. મહેતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ઘણા દિવસો બાદ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધુ છે.
- ગાંધીનગર તાલુકાના મેદરા ગામે નેશનલ હેલ્થ મિશનના મેને. ડિરેક્ટર પંડ્યાએ જિલ્લા આરોગ્ય અધિકારી સોલંકી સાથે આઈસોલેશન સેન્ટરની મુલાકાત લીધી હતી.